**આંક–૧ લગત હુકમ.**

સદર કામ પી.એફ.એ. એકટની કલમ– 2(IA)(M), 7(II)(V) and 16(1)(A)(I) મુજબ હાલનાં આરોપી સામે ફુડ ઈન્સપેકટરશ્રીએ દાખલ કરેલ છે અને સદરહું કામ હાલ પુરાવા – ચાર્જ માટે – ફરીયાદીનાં પુરાવા માટે છે.

મજકુર કામે આરોપી તર્ફે નામદાર સર્વોચ્ચ અદાલતનાં ક્રીમી. અપીલ નં. ૨૧૪–૧૬ નાં ચૂકાદાને ટાંકીને આંક– થી કબુલાત પુરસિસ રજુ કરેલ અને રજુઆત કરે છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને કાયાદની અજ્ઞાનતાનાં કારણે મજકુર ગુનો બનેલ હોય અને પોતે બાલ બચ્ચા વાળા હોય અને પોતે ગુનો કબુલ કરતા હોય નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર ઓછામાં ઓછો દંડ કરવા રજુઆત કરેલ છે.

ઉપરોકત આરોપીની રજુઆત કેસનું રેકર્ડ તથા ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા નામદાર સર્વોચ્ચ અદાલતનાં ઉપરોકત ક્રીમી. અપીલ નં. ૨૧૪–૧૬ ના ચુકાદાનાં પ્રસ્થાપિત કરેલા માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા અને આરોપી સામે જે ગુનો નોંધાયેલો છે તે સબ સ્ટાન્ડર્ડ ને લગતો હોય તેથી નામદાર સુપ્રિમકોર્ટનાં આદેશ અનુસાર માત્ર દંડની સજા કરી શકાય તેમ છે તે તમામ હકીકતને ગ્રાહ્ય લેતા અને આરોપીને આર્થીક સામાજીક પરિસ્થિતિને ધ્યાને લેતા તતા તેની સાથે કમીશ્નર ઓફ ફુડ સેફટીના પત્ર ક્રમાંચક નં. LS/ PCC/ PFA/ 93844/L તા. ૨૪–૮–૨૦૧૭ નો પત્ર વંચાને લેતા ઓછામાં ઓછો ૧ હજાર અને અત્રેની કોર્ટને દંડ કરવાની સત્તા સુધીનો મહત્તમ દંડ કરી શકાય તેમ હોય તે તમામ હકીકતને ધ્યાને લીધેલ છે. તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતનો સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ સુખજેવસિંગનો ચૂકાદો કે જે ૧૯૯૨ SCC (Cri.) પાન નં. ૭૦૪ તથા નામદાર અલ્હાબાદ હાઈકોર્ટની ડીવીઝન બેન્ચનો ચૂકાદો જે રામકીશન વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. ૧૯૯૬ ક્રી.લો.જર્નલ પાન નં. ૪૪૦ ઉપર પ્રકાશીત થયેલ છે, તે વંચાણે લેતા આરોપી ટ્રાયલના કોઈપણ તબકકે ગુના કબુલાત કરવા અધિકાર ધરાવતો હોય આરોપીની હાલની કબુલાત પુરસિસ રેકોર્ડ કરી તે લગત આરોપીનું નિવેદન લેતા આરોપી સ્વેરછીક કબુલાત કરતા હોય આરોપીની કબુલાત અને નામદાર સર્વોચ્ચ અદાલતનો ક્રીમીનલ અપીલ નં. ૨૧૪–૧૬ નો ચૂકાદો ધ્યાને લેતા આરોપીને ક્રી.પ્રો. કોડની કલમ– ૨૪૬(૩) ની જોગવાઈઓ અંતર્ગત કબુલાતને આધીન તકસીરવાન ઠરાવતો નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–ઃ હુ ક મઃ–**

દરેક આરોપી સ્વેરછાએ ગુનાની કબુલાત કરતા હોય તેથી ક્રી.પ્રો.કોડની કલમ– ૨૪૬(૩) ની જોગવાઈઓ મુજબ આરોપીને તેમની સામે આક્ષેપાયેલ પી.એફ.એ. એકટની કલમ– 2(IA)(M), 7(II)(V) and 16(1)(A)(I) મુજબનાં ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા. ૭,૦૦૦ ( અંકે રૂપીયા સાત હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો, એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

એલ.એચ.એ. કચેરીમાં પડી રહેલા સદરહું નમુના અંગેના બે સેમ્પલોનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૧૩–૦૭–૧૯
વડોદરા.

(નેહા રાતુસરીયા)
પાંચમા એડી.જયુડી.મેજી.ફ.ક.
કોર્ટ, વડોદરા.
જીજે૦૧૩૩૩